# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ–મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૧૧ • સળંગ અંક : ૧૧૪ • તા.૧૫ ઓગસ્ટ થી ૨૧ ઓગસ્ટ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# જ્ઞાતિમાં પ્રથમ વખત દિવ્યાંગોને ઐતિહાસીક પ્રોત્સાહન



KDO

દિવ્યાંગ



## દિવ્યાંગ પાલક • પાલક પેટ્રન

## સ્કીમમાં જોડાવો અને દિવ્યાંગોને પ્રોત્સાહિત કરો


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આવ્યો પર્યુષણ પર્વનો રૂડો અવસર

આ વર્ષનું પર્યુષણ પર્વ સૌથી નોખું અને સૌથી અનોખું બની રહેશે. છેલ્લા ૧૫૦ દિવસથી કોરોના મહામારીનો કાળો કેર સમગ્ર વિશ્વમાં અને સાથો સાથ આપણા દેશમાં જનજીવનને, વ્યાપાર ધંધાને, ધર્મ આરાધનાના કાર્યોને બગાડવા મથી રહ્યો છે. દેવસ્થાનો, મંદિર, દેરાસરો, મસ્જિદ, ગિરજાઘરો બંધ થયા છે. પ્રભુ પોતાની જાત ને કેદ કરી દીધી છે અને ભક્તગણને પણ પોતાના ઘરમાં બંદી કરી દીધા છે. પરમાત્મા બહાર જોઈ શકતા નથી, તો આસ્થાળુઓ મંદિરની અંદર ઝાંકી શકતા નથી. રોજે રોજે ધર્મ આરાધના સ્થળો, જિનાલય, મંદિરમાં જનાર શ્રાવકને પૂજા ભક્તિ દર્શન કર્યા વગર ગમતું નથી. એટલે બહાર મેઈન ગેટથી આંતર ચક્ષુથી મૂરત કલ્પી વંદન કરી લઈ સંતોષ માને છે. શું આવી તલપ આવો તલસાટ પ્રભુ પરમાત્માને આપણા માટે હશે ખરો? કોણ જાણે?

આ કાળમાં સંઘના શ્રાવક શ્રાવિકોના સ્વાસ્થ્યને જાળવવું જરૂરી એ જ રીતે પૂજ્ય ભગવંત મહારાજ સાહેબોને કોઈ સંક્રમણ ન થાય એ માટે તેઓ સુરક્ષિત રહે એ પણ વિશેષ જરૂરી છે. તેઓ નિયમ આચાર, ધર્મ ધ્યાન, તપ, આરાધનાથી કોઈ રીતે બાધિત ન થાય એની કાળજી આપણે સૌએ લેવાની છે.

આ પર્વ આપણે પ્રભુના ઘરમાં નહીં, પણ આપણા ઘરમાં પ્રભુને લાવવાના છે. દેરાસર, ઉપાશ્રયના દ્વાર ખૂલે તો યે ભલે ન ખૂલે તો ય ભલે. આપણે પ્રભુને એવી રીતે કલ્પીએ કે પ્રભુ સાક્ષાત સન્મુખ છે, આપણી સમક્ષ હાજર છે. એવી શ્રધ્ધા, વિશ્વાસ અને ભક્તિ આસ્થા સાથે સાધના સંગે આરાધના કરવાની છે. અંતરનો ભાવ નિર્મળ હશે, ઉજળો હશે તો ઘર મંદિર આપો આપ બની જશે અને સાક્ષાતપણે પ્રભુ પરમાત્મા ખુદ આપણા ઘરમાં પધારશે, બિરાજમાન થશે.

આપણે મંદિર, દેવાલય કે દેરાસરમાં હોઈ કે આપણા ઘરમાં ભાવ ભરપૂર સાથે ગમે તે સ્થળે હોઈએ આત્મામાં સ્થિર રહીને આંતરમનની ચેતના દ્વારા આત્મદર્શનથી પ્રભુને કલ્પવાના છે, આપણી સન્મુખ કરવા છે. આ કપરો સમય આપણી ભક્તિની કસોટીનો છે, પરખ આપવાનો છે. જ્ઞાન દર્શન, ચારિત્ર્ય અને તપ દ્વારા ક્રોધ, માન, માયા, લોભ, લાલસા અને પૂર્વગ્રહના જાળાઓને દૂર કરી અંતર મનમાં ડોકિયું કરવાનો આ જ તો રૂડો અવસર અલભ્ય પ્રસંગ છે, મહામૂલો અવસર છે.

આજ સુધીના દરેક વર્ષના પર્યુષણ પર્વ ઉપાશ્રય દેરાસરોમાં જઈને ઉજવાયા. ત્યારે જાણે આ વર્ષે પ્રભુ સામેથી કહે છે કે આ એક વર્ષ પૂરતું હું તારે ઘરે પધારીશ. તું કેટલો અંદરથી સુધરે છે, કેટલો અંતર મનથી શુધ્ધ થાય છે એ હું જાતે નીરખીશ. દર વખતે મારી સમક્ષ, મારા ઘરમાં આવી સુશ્રાવક તાત્પુરતો બની જતો હતો અને બહાર જઈને બદલાઈ જ તો હતો હવે તું મારા મંદિર સ્થાનકની બહાર કેવો છે એ હું જોઈશ. તારા ઘરમાં તું કેવી રીતે રહે છે, વર્તે છે એ હું નીરખીશ. આ આપણા માટે પ્રભુએ આપેલો આ મોટો પડકાર છે. જેની પર આપણને પાર ઉતરવાનું છે. આપણી પરખ માટે તો આ કપરી પરિસ્થિતિ નથી આવીને? એ વિચારીએ અને પ્રભુને પામવાને લાયક બનીએ.

જય જ્ઞાતિ મૈયા

# દિવ્યાંગોને આર્થિક આધાર આપીને, તેમનો હાથ ઝાલો!

KDO
દિવ્યાંગ

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવા એ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેવી યોજનાઓ અમલમાં મૂકવાની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.

**સમસ્ત મહાજને આ જવાબદારીને સુપેરે સમજીને સમાજના દિવ્યાંગોના ઉત્કર્ષ માટે ‘દિવ્યાંગ સમિતિ’ની રચના કરી છે.**

## કે.ડી.ઓ. દિવ્યાંગ સ્કીમો

### દિવ્યાંગ પાલક

**રૂપિયા ૪૦૦૦ ના પોસ્ટ ડેટેડ ચેકો આપીને આપ એક જરૂરતમંદ દિવ્યાંગને આર્થિક સહાય આપી ઓછામાં ઓછા એક વર્ષ માટે એક દિવ્યાંગને દત્તક લઈ શકો છો.**

### દિવ્યાંગ શક્તિ

**રૂપિયા ૫૦,૦૦૦ અથવા તેથી વધુ રકમનું દાન કરી આપ અમારા દિવ્યાંગ શક્તિ પેટ્રોન બની શકો છો.**

# જ્ઞાતિમાં પ્રથમ વખત દિવ્યાંગોને ઐતિહાસીક પ્રોત્સાહન

**દિવ્યાંગ સમિતિ કન્વીનર રાજેન્દ્ર મણિલાલ ખોના**



કોઈપણ વ્યક્તિ જ્યારે સમાજસેવા કરવા માટે આગળ આવે છે ત્યારે તેના હૃદયમાં એક ભાવ દ્રઢપણે સ્થિર થાય છે કે મે જે કામ હાથમાં લીધું છે તે સુવર્ણ શિખરની સમાન ઝળાહળા થાય. તે વ્યક્તિ તે સમયે પોતાનું ગજું કે ગજવું નથી જો તો, પણ પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા અથાગ મહેનત અને પુરૂષાર્થ કરે છે. એવી જ કેટલીક ઉર્મિઓ મારા હૃદયમાં આજે ઉછળી રહી છે. જ્ઞાતિ સેવાના આ મહાયજ્ઞમાં સતત કાર્યશીલ રહેવાનો મારો પ્રયત્ન પચાસ વર્ષના લક્ષ્યને આંબવા માત્ર હાથ વહેંતનું છેટું છે. જેમની જેમની સાથે મેં કામ કર્યા છે તેવા મહાનુભાવોની ત્રીજી પેઢી સાથે હજી પણ અવિરતપણે વણથંભી આ યાત્રા ચાલુ છે. જેના સંભારણા સ્વરૂપ આજે એક એવા કાર્યની માહિતી આપતા મારું હૃદય અત્યંત વિહળ બન્યું છે.

ચર્તુથ સંમેલનમાં રજૂ કરવાના મુદ્દાઓ અંગે વિચારતો બેઠો હતો ત્યાં જ મારો ફોન રણક્યો. સામેથી ચિરપરિચિત અવાજ સંભળાયો ‘ભા આંઉ કાશ્મીરા બોલાંતી’ મેં તેમનું અભિવાદન કર્યું અને વાતમાં તેમણે કદીયે એ દિશામાં વણ ખેડાયેલ ભૂમિ જેવો નવો મુદ્દો રજૂ કર્યો. તેમણે કહ્યું કે આપણે આપણી જ્ઞાતિના દિવ્યાંગો માટે જલ્દીથી કાંઈક વિચારવું જોઈએ. કાશ્મીરાબેન એ આ જ્ઞાતિને મળેલી દુર્લભ અને અમૂલ્ય ભેટ છે. જેમણે અનેકાનેક વર્ષોથી જ્ઞાતિના નબળા વર્ગો, જ્ઞાતિની મહિલાઓના ઉત્કર્ષ તથા મુંબઈના જ્ઞાતિ મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિ સહિતના અનેક ક્ષેત્રોમાં સેવાઓ આપી રહ્યા છે. મેં બેનને કહ્યું તમે સંપૂર્ણ પૂરક માહિતી એકત્ર કરો અને હું આપને બે દિવસમાં પ્રત્યુતર આપું છું.

સાંજે સમસ્ત મહાજનશ્રીના પ્રાણવાન અને જોશીલા સેક્રેટરી જનરલ શ્રી નિશિથભાઈ દંડને વાત જણાવી. તેમણે આ અંગેની તૈયારીઓ કરવાની રજા આપી અને આગામી ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં આ અંગેની સમિતિનું ગઠન કરવાની ખાતરી આપી.

બીજા દિવસે સવારે મેં પૂ.બેનશ્રીને આ અંગેના સમાચાર આપ્યા અને તમારી સાથે ભળીને કામ કરી શકે તેવા કાર્યકર્તાઓની શોધ કરવા જણાવ્યું. સંમેલનથી પહેલા પહેલા કાચા આંકડા રજૂ કર્યા તથા દેશભરમાં સમગ્ર જ્ઞાતિમાં ૯૦થી ૧૨૦ દિવ્યાંગો હોવાની કાચી માહિતી  તૈયાર થઈ. સંમેલન સુધીમાં બીજી ઘણી પૂરક માહિતીઓ બેનશ્રી દ્વારા એકત્ર કરવામાં આવી.

ડિસેમ્બર ૨૦૧૮ના ચર્તુથ સમસ્ત જ્ઞાતિ સંમેલનમાં વિધિવત દિવ્યાંગ સમિતિની રચના કરવામાં આવી. શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયા તેના ચેરમેનપદે નિમાયા. તેમની સાથે નીનાબેન સાયલા વાઈસ ચેરમેન બન્યા. જેમના માતુશ્રી સાથે શ્રીમતી કાશ્મીરાબેને સાથે મળીને પરબ શક્તિ સંજીવની સોસાયટી ચલાવી તેવા મારા પૂ.બેનશ્રી શ્રીમતી ઈંદિરાબેન જયંતિલાલ વિક્રમશીના સુપુત્રી શ્રીમતી શિલ્પાબેન અજાણી આ સમિતિના માનદમંત્રી નિમાયા અને આ સર્વેની શોધ સ્વરૂપ કચ્છના  દિવ્યાંગ યુવક ભાઈશ્રી પ્રિયાંક નાગડા (અંતરજાળ) આ સમિતિના ખજાનચી નિમાયા અને તેમની તૈયારી મુજબના ૨૦ થી ૨૫ દિવ્યાંગો માટે પ્રતિ માહ રૂ.૪૦૦૦નું પેન્શન આપવાની સ્કીમ જાહેર થઈ અને ૩ વર્ષ માટે રૂ. એકત્રીસ લાખના દાતાપણ મળી ગયા. સારી ફળ શ્રુતિઓ સાથે સંમેલનનું સમાપન થયું.

મુંબઈ આવી સમિતિએ પોતાનું કાર્ય સારી રીતે શરૂ કર્યું અને જરૂરિયાતમંદોની તથા અન્ય દિવ્યાંગોની શું શું જરૂરિયાતો છે તેની માહિતી એકત્ર કરી તેને પહોંચી વળવા માટેના પ્રયત્નો શરૂ કર્યા. આ સર્વે દિવ્યાંગોને જ્ઞાતિના શ્રી કે.ડી.ઓ.વેલ્ફેર

# જ્ઞાતિમાં પ્રથમ વખત દિવ્યાંગોને ઐતિહાસીક પ્રોત્સાહન

એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનામાં સભ્ય બનાવવામાં આવ્યા. એક વ્યક્તિ જેમને થોડુંક કામ કરવું હતું પણ તેમની પાસે કોઈ સાધન ન હોવાથી તેઓ કોઈ કામ કરી શકતા ન હતા તેમના માટે નવી વ્હીલચેર ભેટ આપવામાં આવી.

સંમેલનને પૂર્ણ થયાને ૫ મહિના જેવો સમયગાળો પસાર થઈ ગયો પરંતુ હજી સુધી ૪૦૦૦ની પેન્શન યોજના શરૂ થઈ શકી ન હતી. દાતા પરિવારના સભ્યો પાસેથી કોઈ રકમ આવી ન હતી એથી પદાધિકારીઓ ખૂબજ મૂંઝવણમાં હતા. આ તબક્કે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ ધરમશીના પ્રયત્નોથી તથા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ત્રિલોકચંદભાઈ દંડ અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ લોડાયાના સહકારથી જરૂરતમંદોને ૪૦૦૦ રૂ.નો પ્રથમ હપ્તો રવાના કરવામાં આવ્યો. હાલમાં આ સ્કીમ થોડીક અવઢવમાં અટવાયેલી છે. સંમેલનમાં જાહેર થયેલ દાતા પરિવારે પોતે આ સ્કીમને ચાલુ રાખવા મોટા દાતાની આવશ્યકતા છે. જો એકત્રીસ લાખના એક દાતા આગળ આવે તો આ સમગ્ર સ્કીમનું નામ તેમની સાથે જોડી શકાશે અને અવસરે તેમનું સુપેરે બહુમાન કરવામાં આવશે અથવા અગિયાર અગિયાર લાખના ત્રણ વાર્ષિક દાતાઓ પણ આવકાર્ય છે. તેમની પણ યથોચિત બહુમાન કરવામાં આવશે. સર્વે જ્ઞાતિ દાતાઓ આપને આ સ્કીમમાં જોડાવા ભાવભર્યું આમંત્રણ છે.




ચાલુ વર્ષે કોરોના મહામારીને લીધે મહદ અંશે પર્યુષણ પર્વની ઉજવણીઓ મોકુફ રહેવાની છે તથા સાધર્મિક વાત્સલ્યસમા સ્વામિવાત્સલ્યો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવેલ છે ત્યારે આપનું સ્વઅર્જિત ધન માનવસેવાના આ શુભ કાર્યમાં લગાડી તેને સુકૃતના ભાથામાં પરિવર્તિત કરો.

આ જ અંકના અન્ય પેજો ઉપર અમારી દિવ્યાંગો માટેની દિવ્યાંગ શક્તિ તથા દિવ્યાંગ પાલક જેવી યોજનાઓની માહિતી તથા આ યોજનાઓ સાથે વિવિધ રૂપે સંકળાયેલા મહાનુભાવોની માહિતી ઉપલબ્ધ છે, આપશ્રી પણ તેમાં જોડાઈ આપની પાસેની મહાલક્ષ્મીનું ભાવપૂર્વક પૂજન અર્ચન કરો.

સતત અમારા સંપર્કમાં રહેલા જ્ઞાતિજનો અમારી સાથે સુંદર સહકાર્ય કરી રહેલા છે. અમારી દિવ્યાંગ ટીમ વડીલ શ્રી કાશ્મીરાબેનના નેતૃત્વમાં ખૂબ જ સુંદર પ્રયત્નો કરી રહી છે અને તેની યોજનાઓ ઘડવા તથા તેને મૂર્તિમંત કરવા કાર્યદક્ષ મંત્રી શ્રીમતી શિલ્પાબેન જેવા રત્નપારખુનું સંચાલન છે. તે જ પ્રમાણે અમારી મેડિકલ ટીમની સંજીવની યોજના હું જેમને માતા દુર્ગા સમાન માનું છું એવા મજબૂત મનોબળના સ્વામીની શ્રીમતી મનીષાબેનના હાથોમાં સંચાલિત થઈ રહી છે. સંમેલનથી અત્યાર સુધીમાં ૨૫ કેસોને સારી રીતે મદદ કરવામાં આવી છે. હાલમાં જ અનંતનાથ ટ્રસ્ટના નવા વરાયેલા અનંત યુવા શક્તિના ટ્રસ્ટીઓએ રૂ.૧૧ લાખનું માતબર અનુદાન આપીને સંજીવની સ્કીમને નવી ઉર્જા પ્રદાન કરી છે. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

પર્યુષણ પર્વના આ મહાન પ્રસંગે આપ સર્વે જ્ઞાતિજનોને મારે ફક્ત અને ફક્ત એટલી જ વિનમ્ર અરજ કરવાની કે સાધર્મિક ભક્તિ સ્વરૂપે વિકલાંગો માટેની યોજનાઓ તથા સંજીવની સ્કીમની યોજનાઓ અમારી કલ્પનાથી પણ સારી રીતે છલકાવી અમને ઉપકૃત કરશો. પરમકૃપાળુ પરમાત્મા સૌને સહાય કરે એવી પ્રાર્થના.

# દિવ્યાંગ સમિતિ ચેરમેન કાશ્મિરાબેન લુઠીયાની કલ્પના..



જય જીનેન્દ્ર! પ્રથમ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન પદાધિકારીઓનો આભાર! જેમને નલિયા સંમેલનમાં પ્રથમ વાર દિવ્યાંગોને સહભાગી કર્યા અને આપણામાંથી એક અંગ જેવા પ્રકાશને ચમકતા કર્યા. શિલ્પકાર અને પ્રેરણાસ્ત્રોત નિશિથભાઈનું પીઠબળ અને ભવિષ્યની દૂરદ્રષ્ટિ સરાહનીય છે આપશ્રીના બે બોલ માટે નીની લખે છે. 'તમોએ અમારી ભાવનાને શબ્દોમાં ઢાળી દીધા.'

અસમર્થોનું સશક્તિકરણ એ આપણું મિશન હોવું જોઈએ. સક્ષમ માનવી જેવા જ આપણા બાળકો સક્ષમ હોય એવી સમાજ રચના હોવી જોઈએ આ દિવ્ય બાળકો લોકડાઉનમાં નેગેટીવ ન થતા દૈદિવ્યમાન થતા જોયા અને અન્ય માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા. એમની દિવ્યશક્તિને માટે સલામ!

પ્રગતિશીલ સમાજની જવાબદારી સમાજના દિવ્યાંગ ઉત્કર્ષ માટે તત્પર હોય છે. તમારા તથા તમારા બાળકોના જન્મદિવસ, લગ્નદિવસ અન્ય શુભપ્રસંગો વખતે અમારા બાળકોના કાર્ય વિકાસ માટે દિવ્યાંગ, પાલક શક્તિ પેટ્રન બનીને મનાવશો જે ઈશ્વની આરાધના સમાન છે.

# દિવ્યાંગ સમિતિ વાઈસ ચેરમેન નીના સાયલાની પરિ કલ્પના..



સમસ્ત મહાજન દિવયાંગ સમિતિના એક સભ્યની રૂએ, જયારે પણ આપણાં સમાજના દિવ્યાંગ ભાઈ-બહેનોની વિગત લેવા ગઈ, ત્યારે ઘણા સુંદર તથા લાગણીસભર અનુભવ થયા. 'સમસ્ત મહાજન' જયારે એમના પડખે ઊભું રહેવાની યોજના અમલમાં માં લાવી રહ્યું છે,એ જાણીને તેઓએ ખૂબજ સંતોષ ની લાગણી અનુભવી. અમને જ ભગવાન માનવા લાગ્યા. પણ આ માન સમસ્ત મહાજનના ફાળે જાય છે કે જેણે અમારામાં વિશ્વાસ મૂકી, આ સમિતિમાં મને લીધી.

દિવયાંગ ભાઈ બહેનોનો આત્મવિશ્વાસ તો પ્રાપ્ત થયો જ, પણ ક.દ.ઓ. જ્ઞાતિ માટેનો આદર પણ વધ્યો અને હું પણ આ જ્ઞાતિનો એક સન્માનનીય ભાગ છું એનો ગર્વ પણ છે તથા સમાજની સેવા કરવાનો મોકો મળ્યો તે બદલ ખુબ ખુબ આભાર.



## સમસ્ત મહાજન દ્વારા ક્ષમાપના વિશેષાંક

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં
જે પણ જ્ઞાતિજને ૯ કે તેથી વધુ ઉપવાસ કર્યા હશે
અન્યથા તેનાથી વધુ ઉગ્ર તપસ્યા કરી હશે
તેમના ફોટો ફ્રી માં અંકમાં સમાવિષ્ટ કરવામાં આવશે
તેઓ તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલાવી દે
તેમજ આપ આપના સ્વજનો અને જ્ઞાતિજનોને
જ્ઞાતિમૈયા મારફતે ક્ષમાપના સંદેશ આપી શકો છો



**કલર ફુલ પેજ રૂા.૮૦૦**

**કલર હાફ પેજ રૂા.૫૦૦**

**સોમવાર તા. ૨૪ ઓગસ્ટ સુધી મોકલી શકો છો તે માટે સંપર્ક કરો**

**મનિષા લાલકા - 9820545734, વર્ષા લોડાયા - 9833072879**

**Email : gyatimaiya2018@gmail.com**

# દિવ્યાંગ સમિતિ સેક્રેટરી શિલ્પાબેન અજાણીનું કો-ઓર્ડિનેશન...



શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન તરફથી શ્રીમતી કાશ્મીરાબેનનું; સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિનું માનદ સચિવ પદ સંભાળવા માટેનું નોતરું મળ્યું ત્યારે હું આનાકાની કરી શકી જ નહીં. તન, મન અથવા ધનથી- કોઇ પણ પ્રકારે, દિવ્યાંગો માટે કંઈ પણ નાનું-મોટું યોગદાન કરી શકું એ હંમેશ મારી જિંદગીની નેમ રહી છે. છેલ્લા દોઢ વર્ષથી દિવ્યાંગ સમિતિનું કાર્ય સંભાળતા આજે ખૂબ- ખૂબ ગર્વ તથા ખુશી સાથે કહી શકું છું કે આપણી જ્ઞાતિના દિવ્યાંગોને સામાન્ય માનવીય જિંદગીના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો એક ભગીરથ પ્રયાસ અમે આદર્યો હતો. તેમાં આજે દિવ્યાંગોનો, પાલકોનો, દાતાઓનો અને આખાયે સમાજનો અમને જે પ્રતિસાદ સાંપડયો છે તે અમારા હૈયાને અવનવી હોંશ અને જોશથી ભરી દે છે. સમયે-સમયે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલશ્રી નિશિથભાઈ દંડનું મળતું માર્ગદર્શન અને સમિતિના અન્ય સભ્યોનો ઉમળકાભર્યો સહકાર તે આ સંઘર્ષની સફળતાનો પાયો છે.

જન્મથી અથવા અકસ્માતથી કોઈપણ એક અંગથી અસહાય બનેલા એવા દિવ્યાંગો કઈ સર્વથા અસમર્થ હોતા નથી. ઉલટું ઘણીવાર તેઓ પોતાની કોઠાસૂઝ, કળા, કસબ અથવા કેવળ કઠોર પરિશ્રમના બળે પ્રત્યેક કમજોરી ઉપર વિજય મેળવી બતાવે છે. આપણા સમાજમાં ઘણી એવી દિવ્યાંગ વ્યક્તિઓ છે, જેમણે કોઈ ને કોઈ ક્ષેત્રમાં પોતાની આવડત દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી હોય. જેમના ઝળહળતા કાર્યો આપણને પોકારી પોકારીને કહે છે કે:

''મન નબળું હોય તો વિકટતા સમસ્યા બની જાય છે પણ
જ્યારે મન મજબૂત હોય ત્યારે વિકટતા સુઅવસર બની જાય છે.''

તેમનું દરેકનું જીવન આપણા દરેક માટે આદર્શ રૂપ કહી શકાય, કેમ કે તેઓએ પોતાનામાં રહેલી ખામી ને અપનાવીને, ખૂબીને વિકસાવી છે. તેઓ આપણને શીખવી રહ્યા છે કે, જીવનની જે વાસ્તવિકતા છે તેને ભલે બદલી ન શકાય પણ આપણે એક આગવી દ્રષ્ટિ કેળવીને જીવનને સાચા અર્થમાં જીવી શકીએ. આવું, અમારા પ્રકલ્પોમાં ભાગ લેનારા દિવ્યાંગોએ વારંવાર પ્રત્યક્ષ સિદ્ધ કરી બતાવ્યું છે જ્ઞાતિ મૈયાનો આ અંક તેમના એ જ કૃતનિશ્ચયીપણાને સમર્પિત છે.

આ વર્ષે કોવિડ મહામારીને કારણે અમારા પૂર્વ નિયોજિત પ્રકલ્પો દુર્ભાગ્યે પાછળ ઠેલાઈ ગયા છે, છતાં નજીકના ભવિષ્યમાં એક virtual meet/seminar આયોજિત કરવાની વિચારણા ચાલી રહી છે. આપણી જ્ઞાતિના દિવ્યાંગો પગભર થઈને મનભર જીવન માણી શકે તે જ સ્વપન દિવ્યાંગ સમિતિ સેવી રહી છે અને તેને સાર્થક કરવા તરફ અમે ધીમા પણ દઢ પગલા માંડી ચુક્યા છીએ. યોજનાઓ માટેની પરિકલ્પનાઓ તો અનંત છે અને પ્રકલ્પોની રૂપરેખાઓ પણ અનેક છે. બસ તેમને સાકાર કરવા માટે આપના સાથ અને સહકારની જરૂર છે.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# દિવ્યાંગ સમિતિ ટ્રેઝરર પ્રિયાંક નાગડાનો પરફેક્ટ હિસાબ...



ખો સે ઉડાન નહીં હોતી , હોંસ્લો સે હોતી હૈ..
સપને ઉસી કે સચ હોતે હે જિનકે સાપનો મે જાન હોતી હૈ.

ઉપર ની પંક્તિ એટલે સ્મરું છું કે આપણે આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા નું મહત્વ સમજવાનું છે દિવ્યાંગ એટલે જેને ઈશ્વરે દિવ્ય અંગ આપ્યું છે તે! તકલીફો બધાને આવેજ છે, મહાપુરુષો જો તકલીફો જોઈને ગભરાઈ ને બેસી ગયા હોત તો?

માટે આપણે તકલીફ નો સામનો કરવાનો છે હું પણ એક દિવ્યાંગ જ છું , તેથી અન્ય દિવ્યંગો ની પીડા સહજતાથી સમજી સકુ છું. અતિશયોક્તિ નથી કરતો પણ અન્ય દિવ્યંગોની માટે સમય ફાળવવા માં એક પોતીકાપણું મળે છે.. ને પોતીકી પીડા ભૂલી જાઉં છું .. મારું દુ:ખ દૂર થઈ જતું હોય તેવું અનુભવ થાય છે.. વિશેષ રૂપે મારી એક નમ્ર વિનંતિ છે કે આપણે પણ દયા ને પાત્ર ના રહીએ એવું કંઇક જીવન માં જેટલું થઈ સકે એટલું શક્તિ પ્રમાણે કરતા રહીએ ને સક્ષમ બનવાં ના પ્રયાસો સતત કરતા રહીએ..

વાલીઓ તથા સમાજને એક સંદેશ આપવા માગીશ કે આપણે એમને સ્વયમજીવી કે સ્વાવલંબી બનાવીએ કે જેથી તેમને ક્યારેય કોઈ પર બોજ છું ની ભાવના ના આવે ને અંદરથી તૂટી ન પડે કોઈ દિવ્યાંગ ભાઈ બહેન કે વડીલ..

ને હું ને મારી કમિટી નો સતત પ્રયાસ છે.. એમને કઈ રીતે સક્ષમ કરવા .. ને એમના માં સતત હકારાત્મક વિચારો નુ સિંચન કરીએ ને એમની ખામીઓ ને ખાસિયત માં કેમ બદલવું એ જ પ્રયાસો સતત રે રહેશે... ને ગણી બધી ખાસિયતો છે આપણ કેડીઓ દીવ્યાંગો માં તેનું આનંદ ને ગૌરવ છે..

એમને એ એમની આવડત થી જોઈએ નહિ કે દયા થી.. ગણી વાર બઉ દયા પણ એમને દુ:ખી કરાવે છે કે ''હું એક દયા ને પાત્ર છું''. પ્લીઝ ... એમને એ દયા થી નહિ એમને એમની ખાસિયત થી ઓળખો.. ને માનસિક રીતે પણ એમને ટેકા ની ખૂબ જરૂર છે જે એમને સમાજ માં હું અલગ છું એવું અનુભવ ના કરાવે એક એવા વાતાવરણ ની એમને સતત જરૂર હોય છે.. આ દરેક બાબત પર મારી ટીમ નહિ પણ મારું દિવ્યાંગ પરિવાર સતત વિચારી રહ્યું છે ને.. કાર્ય પણ કરસુ ... ને સફળ પણ થાસુજ...

# જીવસેવા જ શિવસેવા – કુસુમબેન હરિશ ધરમશી




કુદરતે ખૂબ સુંદર દુનિયા રચી છે, દરેક જીવને શક્તિમાન બનાવ્યા છે અને જે જીવ પાસે એકાદ શક્તિ ન હોય તેને બીજું કંઈક વિશિષ્ટ આપ્યું છે. તો જે નથી તેની ખોટ અને જે વિશિષ્ટ છે તેની શોધમાં આપણે કંઈક સાથ આપી શકીએ તો દુનિયા આપણા થકી થોડી વધુ સુંદર બને. કહેવાય છે જીવસેવા જ શિવસેવા છે.

અને જ્યારે આપણું જ સામાજિક એકમ સંવેદનશીલતા અને સજાગતાથી આ કાર્ય કરે ત્યારે એકમના નેતા અને તમામ કાર્યકરો આદરને પાત્ર છે. આ દિશામાં ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પુરુષાર્થોને હું બિરદાવું છું.

કુ. અર્પિતાના મેન્ટર(mentor) થવા મને ઉત્સાહી કરનાર ભાઈશ્રી નિશીથ દંડ અને બહેનશ્રી કાશ્મિરા લુઠીયાની હું આભારી છું.



| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ્રથમ ઐતિહાસિક કે.ડી.ઓ દિવ્યાંગ આનંદ મિલન




તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ કે.ડી.ઓ દિવ્યાંગો માટે પ્રથમ દિવ્યાંગ આનંદ મિલન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ટીવી સિરિયલના પ્રખ્યાત કલાકાર સાગર દ્વારા જાદુગરીના શો થી થઈ હતી. આ કાર્યક્રમમાં મુંબઈ, કચ્છ, હૈદ્રાબાદ અને જામનગરના લગભગ ૩૦ દિવ્યાંગોએ ભાગ લીધો હતો. સો કરતા વધારે લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. ૬ પ્રતિભાશાળી દિવ્યાંગોએ તેમની કળાનો પ્રેરણાદાયી પર્ફોમન્સ આપ્યો હતો. જેમાં નૃત્ય, ગરબા, કેસીયો વાદન, ગજિયો અને માર્શલ આર્ટસ સામેલ હતા. સમિતિ દ્વારા તેમને બિરદાવવામાં આવ્યા હતા. વિવિધ ક્ષેત્રોમાં તેમની ઉપલબ્ધિઓ બદલ ૬ દિવ્યાંગોનું સન્માન કરાયું હતું. સ્થાનિક કોર્પોરેટર, આપણી જ્ઞાતિના અનેક અગ્રણીઓ અને અમારા દાતાશ્રીઓની હાજરીથી સૌના ઉત્સાહમાં વધારો થયો. અંતે રાસ ગરબાની રમજટ બોલાવી સહુએ આ આનંદ મિલનને સાર્થક પુરવાર કર્યું.

એમ જોયુ છે કે લોકોમાં સત્કાર્ય કરવાની સહજ ઈચ્છા હોય છે. અમારા પ્રોજેક્ટસમાં અમને આપ સહુ પ્રાયોજકો તથા દાતાશ્રીઓના દરિયાદિલ સાથ-સહયોગ મળતા રહ્યા છે, જેના વગર અમારી યોજનાઓ પાર પાડવી અશક્ય હતી આપના અમૂલ્ય યોગદાન માટે સમિતિ આપની અત્યંત આભારી છે. ભવિષ્યમાં પણ આપના અમૂલ્ય યોગદાનની અમને અપેક્ષા જ નહીં બલ્કે ખાતરી છે.

અમારૂ સ્વપ્ન છે કે એક સક્ષમ કે.ડી.ઓ. દિવ્યાંગ સમાજ ઊભો કરવો કે આથી આપણો સમજ એક ખરેખરો સર્વસમાવેશક સમાજ બને. અમારા આ વિશ્વાસને સાર્થક કરવા માટે યથા-શક્તિ, યથા-મતિ દાન દ્વારા અમને સાથ આપશો એવી અમારી આપને અરજ છે.

# કેન્દ્ર સરકાર દ્વારા દિવ્યાંગજનોને અપાતા ડિસેબિલિટી કાર્ડ




કેન્દ્ર સરકાર દ્વારા દિવ્યાંગજનોને પોતાની શારિરીક અધૂરપનો આધારભૂત પુરાવો આપતો કાર્ડ અપાય છે. જે કાર્ડ હોલ્ડરની દિવ્યાંગ પરિસ્થિતિનું સામેવાળાને બ્યાન કરી દે છે. આ કાર્ડમાં નામ, જન્મતારીખ, શારિરીક કે રોગનો પ્રકાર, કાર્ડ ઈસ્યુ કરવાની તારીખ, વેલિડિટી પિરિયડ, શારિરીક વિકલાંગ અવસ્થાની ટકાવારીની સંપૂર્ણ માહિતી હોય છે. જેનો ઉપયોગ કરી સરકાર દ્વારા દિવ્યાંગજનોને અપાતા લાભ મેળવી શકાય છે કે બસ, રેલ્વે, કે પ્લેન પ્રવાસ માટે જોઈતી સગવડનો અધિકાર હકથી મળે છે.

આ કાર્ડ સૌ દિવ્યાંગજનો મેળવી લેવા જોઈએ જેથી અધિકાર સુલભ રીતે મળી શકે પેન કાર્ડ, આધાર કાર્ડ જેવું આ મહત્વનું છે.

# આપણા દિવ્યાંગોની વિશેષ ઉપલબ્ધી...

## મિનલ નિતેશ મોમાયા



મારી દીકરી રાજવી નિતેશ મોમાયા ૧૭ વરસની છે. રાજવી Down Sydrome છે જે Special Facial Features સાથે એક અદભૂત પ્રેમાળ હૃદય ધરાવે છે.

રાજવી મુલુંડમાં Skills & Ability શાળામાં જાય છે. ત્યાં રાજવીને Vocational activity શીખવાડવામાં આવે છે દરેક બચ્ચાને તેની આવડત પ્રમાણે અને રૂચિ મુજબ activity શીખવાડવામાં આવે છે રાજવી ત્યાં પેપર બેગ, એનવોલપ, ગરબા, દીવા પેન્ટીંગ કાર્યો શીખે છે. એને ઘરકામમાં પણ રૂચિ છે. જેથી શાળામાં એને ઘરકામની પણ ટ્રેનીંગ અપાય છે. જેમ કે લોટ બાંધવું, શાક સમારવું કપડા ઘડી કરવા વગેરે.

રાજવી ઘરમાં પણ આ બધા કાર્યો સરસ રીતે રોજ કરે છે. ડાન્સ, ડ્રોઈંગનો એને શોખ છે. કોમ્પ્યુટર પણ રાજવી સારી રીતે ચલાવી શકે છે. હમણાં લોકડાઉનના સમયમાં હિંદી વાંચતા લખતા ન આવડતા હોવા છતાં ખાલી જોઈ જોઈને રાજવી હિંદીમાં ધાર્મિક સૂત્રો લખે છે.

સમસ્ત મહાજન દ્વારા સમાજનાં દિવ્યાંગ ભાઈ-બહેનો માટે કાર્ય કરવાનું જે બીડૂ ઝડપ્યું છે તે ખરેખર પ્રશંસનીય છે.

પરિવારના દિવ્યાંગ વ્યક્તિ માટે કંઈક કરવું એ પરિવારના સદસ્યોનું કર્તવ્ય છે. પરંતુ જ્યારે સમાજ પણ આમાં સહભાગી થાય છે. ત્યારે અદભૂત લાગણી થાય છે. હજી દિવ્યાંગોનાં કલ્યાણ માટેની યોજનાઓમાં આપણે પા પા પગલી ભરી શરૂઆત કરી દીધી છે. જે બધાનાં આશિર્વાદ અને સહયોગથી બહુ આગળ સુધી જશે એવી હું અંતઃકરણથી આશા અને ઈચ્છા ધરાવું છું.




## પર્લ ગિરીશ મોતા (હૈદ્રાબાદ)

કુ.પર્લ ગિરીશ મોતા (હૈદ્રાબાદ) aims Media દ્વારા અપાતી ટ્રેનીંગમાં ખુબજ સરસ ડિઝાઈનીંગ શીખી રહી છે. જેમાં ડિઝીટલ વાર્લી પેન્ટીંગ, બિઝનસ કાર્ડ, એન્વેલોપ, ટી કોસ્ટર, આઈ.ડી. કાર્ડ, બિઝનેસ બ્રોશર, કંપની એન્યુઅલ રીપોર્ટ, લેટર હેડ્સ, એન્વલેપસ, મેગેઝિન કવર, બુક કવર, ન્યૂઝ પેપર ટેબ્યુલેટ અને હાલ બીલ બોર્ડ, હોલ્ડીંગ અને ફ્લેક્સ ડિઝાઈનીંગનાં ક્લાસીસ ચાલુ છે.

## કવિતા ખોના

કાપડ, કાગળ અને કલમ દ્વારા અદ્‌ભૂત આર્ટ કરવામાં એક્ષ્પર્ટ છે. ગહુલીમાં વિવિધ પ્રકારથી ડિઝાઈન કરી ભક્તિ આરાધનામાં આનંદનો ઉમેરો કરે છે. બાળકો, મહિલાઓના વિવિધ ડ્રેસ ડિઝાઈનમાં માસ્ટરી છે. તો કાગળ પર કલર અને પેન, પેન્સીલ દ્વારા વિવિધ રેખા ચિત્રો તેમજ ડિઝાઈન બનાવવામાં હથરોટી ધરાવે છે. તેમનું કલા કલેક્શન એટલે અદ્‌ભૂત આર્ટનો ત્રિવેણી સંગમ.





# આપણા દિવ્યાંગોની વિશેષ ઉપલબ્ધી...



## દિવ્યા પદમકુમાર પોલડીયા

મારૂં નામ દિવ્યા પદમકુમાર પોલડિયા છે. ઈશ્વરે મને ડાબા હાથમાં થોડી તકલીફ આપેલ છે. છતાં તેણે મને અનેક ચીજો આપેલ છે. જેમાં મારૂં કુટુંબ તથા મારી ક.દ.ઓ. જેવી સુંદર જ્ઞાતિ આપી છે. જે દરેકને વિકાસ કરવાની તક આપે છે. મેં B.Com.ની પરીક્ષા આપી ગ્રેજ્યુએશન પૂર્ણ કરેલ છે. હાલમાં હું UPSC ની પરીક્ષા માટે તૈયાર કરી રહી છું. મે પહેલાં બે વખત પ્રયત્ન કરેલ છે. પરંતુ સફળતા થોડી દૂર છે. સાથે સાથે હું Unacadany ઉપર વિદ્યાર્થીઓને સાયકોલોજી વિષય પર શિક્ષણ આપી રહી છું. અત્યારે હું ફૂલટાઈમ વિદ્યાવિહાર (ઘાટકોપર)માં ઓફિસ એડમિનિસ્ટ્રેટની જોબ કરી રહી છું. સાંજના મારી ભત્રીજી ક્રિશા સાથે રમીને આનંદ લઉ છું. તે મને ખૂબ જ ગમે છે. મેં ડિસેમ્બર ૨૦૧૮માં યોજાયેલ જ્ઞાતિ સંમેલનમાં ભાગ લીધેલ અને ખાસ કરીને ઓપનીંગ સેરેમનીમાં મને ભાગ લેવા મળેલ તેનો ખુબ જ આનંદ છે. મારે સમસ્ત મહાજન તથા ખાસ કરીને કાશ્મીરાબેન લુઠિયાનો આભાર માનવાનો કે જેમણે મને અનેક કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરેલ છે. જો સમસ્ત મહાજન મને કાંઈ કાર્ય સોપશે તો હું જરૂરથી મારી સમય મર્યાદામાં કરીશ.

## ભારતીબેન ખુશાલ છેડા-બેંગલોર



ભરતકામ, સિવણ, પેઈન્ટીંગ, સ્વેટર ગુંથણ જેવી કળામાં એક્ષ્પર્ટ તે શીખવવાના ક્લાસ લેતા હતા. ભારતીબેન હમણાં કોઈન કલેક્શન કરે છે તથા વેસ્ટમાંથી બેસ્ટનું સર્જન તેમજ નવી નવી ડેકોરેટિવ ચીજ વસ્તુ બનાવે છે.

તેઓનું માનવું છે કે સમસ્ત મહાજન એ નલિયા મધ્યે યોજાયેલ ચર્તુથ જ્ઞાતિ સંમેલનમાં દિવ્યાંગ સમિતિનું ગઠન કરી બહુ સારું કામ જ્ઞાતિ માટે કર્યું છે. કેડીઓ દિવ્યાંગ ગ્રુપમાં સૌ એવા કામ કરે છે જે સામાન્ય વ્યક્તિ પણ નથી કરી શકતો. આવા સ્પેશિયલ વ્યક્તિઓમાં કલા-કૌશલની ઘણી ખૂબી રહેલી હોય છે. જેને પ્રોત્સાહન મળે તો એ અદ્દભૂત રીતે બહાર આવી શકે.



## Nilesh hansaben hirachand patel

Nilesh and his better half Trupti are both hearing impaired.

He sold masks along with other items for the first time in our KDO exhibition at Kanjurmarg where KDO Divyang Committee had kept a stall to promote our Divyangs. Later since lockdown, he has made and sold more than 3500 masks . He even donated a few.



## Prashant Revanti Praful Dand

Prashant too sold some food items fom our KDO Divyang stall at kanjurmarg exhibition. He took orders for Jain stavan music player and has sold more than 100 pcs till date. A passionate keyboard player himself, Prashant is also learning pratikraman during this lockdown and is about to complete small pratikraman.

# આપણા દિવ્યાંગોની વિશેષ ઉપલબ્ધી...



## સાચી સમીર શાહ (મુંબઈ-સેલ્વાસા)

૨૫ વર્ષીય સાચી સમીર શાહ મુંબઈની અને સેલ્વાસામાં રહે છે. એ જર્મની ભાષાની એક્સ્પર્ટ છે અને સંસ્કૃત તથા ઈંગ્લીશ ભાષામાં રસ ધરાવે છે.

## Khyati Vijay Vora (Jamnagar)

Khyati and her brother Mayur both are special children. Khyati has been making jewellery and floral haars during lockdown.



## અર્ચિતા દેવેન્દ્ર લોડાયા (હાલ ઘાટકોપર, સાયરા)

She took part in Talent Fiest organized by Rotract club of Deonar on 8th March 2020at RochiramThandi School.

Events Archita participated are colouring, Drawing, Dance, Envelope decoration. She was sent in competition throughher school infant jesus dominic. She got certificate of appreciation.



## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC0ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિના દિવ્યાંગ બાળકોની વડિલોના પ્રતિભાવો...

## Sapna Sameer Shah (Dharamshi) Suthri-Silvasa



I would like to present a few details of my daughter Saachi Shah. Saachi is a 25 year old young girl diagnosed with quadriplegic cerebral palsy, spastic type. In simple language, she suffers from a disease where her body's muscle coordination is affected resulting in a very tight body. Her speech too is partially affected. Her hands can't perform fine functions which include eating and writing too.

But this never affected her intellect, she studied in a normal school, without writing ever, but still giving her exams orally to an amanuensis and passed with flying colours. Her extremely good memory helped her remember her lectures in school. She is a very confident person and loves to paint her life's canvas with all the beautiful colours. Presently, after completing her graduation, she is learning German language online.

I would also like to highlight and appreciate the exemplary work being done by the KDO divyang committee. The work they are doing is very different from just sympathy, they are making it their aim that the divyang brethren of our community get their due respect and place in the society and the country on the basis of their ability. They are working hard in bringing out and showcasing the abilities of the divyangjaninspite of the disability and difficulties faced by them. They have been personally in touch with the families of divyang to provide any kind of help.

My daughter Saachi was very lucky to have found a wonderful mentor in Nishitbhai from Baroda. He introduced us to this amazing, strong and successful lady Sharmilaji Divatia who has proven her mettle inspite of her limitations..just the perfect person to look up to.

It's still a long journey ahead where we look forward to see Saachi showing her abilities and doing some good work and also financially taking up her responsibility. Though it's a difficult road, the destination as well as the journey will have their beautiful moments.

## SANDHYA SHAILESH LODAYA

I, Sandhya lodaya, mother of Trushit Lodaya 38 year old child is one of the member of KDO special people group.

I found the group very useful and important as it serves as platform where all differently abled child and their parents meet. They share their experience , problems with all and also get some entertainment program arranged by the committee.

And the Divyang committee of the Samast KDO Jain Mahajan is taking lots of efforts to create smile on the face of child and parents which is very important.

They help them in each and every manner whether it is physical problem, psychological problem, financial problem or entertainment for the child.

This platform of KDO group is very useful and important.

Only some people have this type of soft heart and do this type of Charitable work.

Thanks to all the working members of the KDO Divyang Committee.

# જ્ઞાતિના દિવ્યાંગ બાળકોની વડિલોના પ્રતિભાવો...

## સાયલેન્સમાં સાઉન્ડ સર્જતા સાંઈ સૂર ક્લિનિકના સુરેખાબેન મોતા



મૂળ રાયઘણજરના સુરેખાબેન ઉલ્લાસ મોતા મુલુંડ તેમજ પાર્લામાં સાંઈસૂર ક્લિનિક ચલાવી શ્રવણ શક્તિની તકલીફ ભોગવતા તથા બહેરાશની સમસ્યા ધરાવતાઓના જીવનમાં શ્રવણ યંત્ર દ્વારા સૂર સંગીત રેલાવી તેમનું જીવન સંગીતમય કરે છે. તેઓની ક્લિનિકમાં જન્મજાત બહેરાશ અવસ્થા વશ કે અન્ય કારણોસર સર્જાતી બહેરાશ દૂર કરવા પ્રયત્નશીલ રહી સિમેન્સ અથવા અન્ય કંુના યોગ્ય અને ઉપયોગી શ્રવણયંત્ર દ્વારા તેમને શ્રવણ શક્તિ પ્રદાન કરે છે.



પતિ ઉલ્લાસભાઈ મોતા સાથે સુખી જીવન વિતાવતા સુરેખાબેન આજથી ત્રણ દાયકા પહેલાં સંતાન સુખ મળ્યું ત્યારે તેમનો આનંદ સમાતો ન હતો. થોડો સમય આનંદમય વિતયું બાળ વિકસતો હતો. પણ અમુક અવાજને રિએક્ટ કરતો ન હતો. એવું એમના ધ્યાનમાં આવ્યું તેઓ તેમના પુત્રને ચાઈલ્ડ સ્પેશિયાલીસ્ટ ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે વિવિધ પરીક્ષણ કરી એવું નિદાન કર્યું કે બાળક ડફ એન્ડ ડમ્બ છે. મતલબ મુંગું અને બહેરો છે. આ સાંભળી તેઓ અવાચક થઈ ગયા. જાણે વીજળી ત્રાટકી. એકનો એક વહાલસોયો સંતાન અને તે ન તો અમારો અવાજ સાંભળી શકશે કે ન એની કિલકારી કાલાઘેલા શબ્દો અમને માણવા મળશે. ભગવાને મારી સાથે જ આવું કેમ કર્યું? એ આઘાતમાંથી બહાર આવતા પણ એમને સમય લાગ્યો.

નસીબને કોસવા કરતાં નિરાશ થવા ને બદલે સંજોગો સામે બહાર પડી ઝઝૂમી લેવાનું મન બનાવ્યું. આવેલ બદનસીબ ભાગ્ય સાથે બાથ ભીડી સામનો કરી લેવાનો નિશ્ચય કર્યો.

આવા સમસ્યા ધરાવતા બાળકોને વિવિધ ટેસ્ટ ઈવેલ્યુએશન બાદ વિશેષ શિક્ષણ ફક્ત તે વખતે બાંદરાની અલી યાવર જંગ ઈન્સ્ટટ્યૂટમાં મળતું હતું. પુત્ર ભાવિકના ભવિષ્ય માટે તેમણે ટ્રેનિંગ માટે આ વિશિષ્ટ સ્કૂલમાં મૂક્યો. પુત્રને કારણે સતત અત્રે અવર જવર થતી રહેતી એને લીધે ઈન્સિટટ્યુટના ડાયરેક્ટર ડૉ. રત્ના એ તેમને પ્રેરણા આપી કે તમે પોતે આવા ટેલેન્ટ ધરાવો છો તો આ કોર્સ શીખીને સમાજની સેવા શા માટે નથી કરતા? તમારામાં તો નવું નવું શીખવાની ધગશ પણ છે. તમારે પુત્ર જ ફક્ત આવી સમસ્યાથી પીડિત નથી પણ એવા ઘણા બાળકો છે. જેને યોગ્ય માર્ગદર્શન અને ટ્રેનિંગની જરૂર છે. આ શબ્દો તેમનામાં નવું જોમ ભર્યું.

તેઓ આ સંસ્થામાં ડિપ્લોમા ઈન સ્પીચ એન્ડ લેંગ્વેજનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો. આ સાથે સમાજ સેવા તથા સંપત્તિ સર્જન કરવાની તક પ્રાપ્ત થઈ. ચેમ્બુરમાં રોચીરામ થડાની ડફ અને ડમ્બ સ્કૂલના તેઓ ફાઉન્ડર બન્યા. ફક્ત દસ બાળકો સાથે અત્રે સેંકડો સ્પે. વિદ્યાર્થીઓ આજે ભણી રહ્યાં છે. અમુક સરકારી ધારા ધોરણોને કારણે અનુકુળતા ન રહેતા તેઓ ખાનગી પ્રેક્ટીસ શરૂ કરી. એક સમયે ઘાટકોપરની હિંદુ મહાસભા, સર્વોદય હૉસ્પિટલ, મુલુંડની પ્રગતિ, ચંદન, બડવાઈક હૉસ્પિટલ ભાંડુપ સહિત કુલ ૧૩ હૉસ્પિટલમાં તજ્ઞ ડૉક્ટરોના રેફરન્સ હેઠળ ઓન કોલ સર્વીસ પૂરી પાડી.

આજે એમનો પુત્ર નોર્મલ જીવન જીવી રહ્યો છે અને હાલ મુલુંડ ક્લિનિકનો કાર્ય ભાર સંભાળે છે. સુરેખાબેનના ઘરે પુત્રવધૂ પણ આવી ગઈ છે અને સુખરૂપ સંસારમાં તેઓ ગળાડુબ છે.

આવેલ તકલીફને તેઓ તકમાં ફેરવી મહિલા સશક્તિકરણનું તેઓ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

# જ્ઞાતિના દિવ્યાંગ બાળકોની માતાઓની ભાવના...



## સરલાબેન રામજી ખોનાનું આત્મકથન

મારી ચાર દીકરીઓ જેમાં બે અર્ચના અને કવિતા બોલી સાંભળી શકતી નથી. અર્ચના બે વર્ષ સુધી બોલતી પણ પછી મેનેજેટાઈસ થયુ જેના લીધે તેની કાનની નસ સૂકાઈ ગઈ. કવિતા છ મહિનાની હતી ત્યારે જ મને ભાસ થઈ ગયો કે તેને કંઈ તકલીફ છે. બંન્ને બહેનોને જસલોક હોસ્પિટલમાં રાખી પણ કંઈ ફરક ન પડ્યો.

મારા દિયરને ઘરે વાસ્તુ પૂજા હતી એમને ત્યાં ન લઈ ગઈ. ત્યાં તેમને નાના છોકરાઓ ચીડવે નહીં એ વિચારી ન લઈ ગઈ કે કદાચ ડિપ્રેશનમાં વહી જાય. પણ એને ન લઈ ગઈ એનું તેમને ખોટું લાગ્યું કે અમે બોલી-સાંભળી નથી શકતા એટલે હું ન લઈ ગઈ. આ સાંભળી હું હચમચી ગઈ અને તેમને હૂંફ લાગણી આપી તેમને શીખવીશ એવો નિર્ધાર કર્યો.

ધીરે ધીરે ઘરના કામો શીખવાડ્યા મહેમાનોને પાણી આપવું. ચા-ઠંડુનું પૂછવું. કુકર કેમ મુકવું, રસોઈ બનાવતા શીખવાડી રોટલી વણવા પ્રોત્સાહન આપી ચોકલેટની લાલચ આપતી પ્રોત્સાહન આપી કામ શીખવતી ગઈ. આઠ વર્ષની થઈ ત્યારે સાદી રસોઈ બનતા શીખી ગઈ હતી.

બધાની સાથે ભળી શકે એ માટે મૂંગા બહેરાની શાળામાં મૂકી. ઘરે તેમના માટે ટ્યુશન ટીચર રાખી આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં તેમને જે હોબી હોય તેના કલાસ કરવા મૂકતી. જેથી શીખીને પોતાની કલા વિકસાવે. ઉષા સિવણ મશીનના સિલાઈ કામના કલાસમાં કરગરીને સિલાઈ કામ શીખવા દાખલ કરી. જે ટીચર એને કલાસમાં દાખલ થવાની આનાકાની કરતી હતી. તેઓ એક મહિના પછી ખૂબ વખાણ કર્યા કે કવિતા જેવું કામ બરોબર બોલતા સાંભળતા બાળકો પણ નથી કરતા એવું સચોટ કામ કરે છે. જ્યારે બીજી અર્ચનાને પગમાં તકલીફ છે તે કરી નહીં શકે. એટલે તેને ફોલ, બીડિંગ ભરતકામ શીખવાડ્યું આજે બંન્ને પુત્રીઓ પોતપોતાની રીતે એક્સ્પર્ટ છે.

બંન્ને પુત્રીઓ મારી માટે શ્રવણ છે. જે મને પલંગ પરથી ઉતરવા નથી દેતી. ઘરનો વ્યવહાર પર બરોબર ચલાવે છે. મને બંન્ને દીકરીઓ પર ગર્વ છે કે ભગવાન આવી સમજુ કામઢી દીકરીઓ બધાને દે.

કે.ડી.ઓ. દિવ્યાંગ સમિતિની હું ખૂબ ખૂબ ઋણી છું. જે આ વિશિષ્ટ લોકોને સમજે છે તેમને અનંત પ્રેમ આપે છે. બસ આ લોકોને તો પ્રેમ જ જોઈએ છે. પ્રેમ સિવાય બીજું કંઈ જોઈતું નથી.

નપુ હોલમાં હું પ્રથમવાર બંન્નેને લઈ આવી હતી. ત્યાંનો પ્રોગ્રામ તથા બધાનો પ્રેમ જોઈને હું તથા સૌ ખુશ થઈ ગયા હતા.

કાશ્મીરાબેન, શિલ્પાબેન, નૈનાબેન વિગેરે ઘણાના નામ પણ નથી ખબર પણ બધાનો સાથ સહકાર જોઈ અવર્ણનીય આનંદ થયો. આવા લોકો ઉપર પ્રેમ હેત વરસાવતા રહેજો અને પ્રોગ્રામ કરતા રહી તેઓને આનંદ આપશો.

# દિવ્યાંગો માટે સરકાર દ્વારા સ્પે.શૈક્ષણિક યોજના

મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા અલ્પસંખ્યક વિકાસ ઓથોરીટી વિભાગ મંત્રાલય અંતર્ગત મૌલાના આઝાદ અલ્પસંખ્યક આર્થિક વિકાસ મહામંડળ મર્યાદિત સંચાલિત યોજના જેમાં મહારાષ્ટ્ર રાજ્યના અલ્પસંખ્યક લઘુમતિ જાતિ (મુસ્લિમ, બૌધ્ધ, સિખ, ક્રિશ્ચયન, પારસી, યહુદી અને જૈન)ના જરૂરતમંદ વિદ્યાર્થીઓને વ્યવસાયિક તેમજ તાંત્રિક ઉચ્ચ ડિગ્રી અભ્યાસ જેવા કે એમબીએ, એમબીબીએસ, બીએએમએસ, બીઈ, આઈટી માટે શૈક્ષણિક સત્ર વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે શિક્ષણ કર્જ યોજના માટેની ઓનલાઈન અરજી સ્વીકૃતિ કરાશે.

આ યોજનામાં સદર વર્ગીકૃતિ જ્ઞાતિના વિદ્યાર્થીઓને વધુ વધુ લાભ આપી શકાય એ માટે આ યોજના રાજ્ય શાસન દ્વારા અમલમાં મૂકાઈ છે. જિલ્લા કાર્યાલયમાં લેખિત અરજી સાથે સંપૂર્ણ સર્ટિફિકેટ સાથે જમા કરાવવી.

શિક્ષણ લોન યોજના અરજી ફોર્મ ડાઉનલોડ કરવા માટે મહામંડળની લીંક https://malms.maharashtra.gov.in તથા માહિતી માટે જિલ્લા કાર્યાલય લીંક https://mamfdc.maharashtra.gov.in ઉપર લોગ ઈન કરવું.

# એક દિવ્યાંગના વાલીને વ્હીલચેર સહાય

મર્યાદાયુક્ત પરિસ્થિતિઓને અનુકુળ બનવા માટે દિવ્યાંગ વ્યક્તિ તથા તેમના વાલીઓ, શિક્ષકો અને કેરટેકર્સને જરૂરત હોય છે તેમના વિશેષ અધિકારો તથા તેમના માટે ખાસ ઘડાયેલી યોજનાઓ વિષેની જાગૃતિની અને માહિતીની, જે પૂરી પાડવા સોમવાર, ૧૦મી જૂન ૨૦૧૯ના રોજ, શ્રી સમસ્ત કેડીઓ જન મહાજનની દિવ્યાંગ સમિતિએ દિવ્યાંગોના માતા-પિતા સંભાળ રાખનારાઓ માટે નિષ્ણાતો સાથે વાર્તાલાપનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં મુંબઈના જુદા જુદા ઉપનગરોથી આવેલ, લગભગ 30 માતા-પિતા અને દિવ્યાંગના પરિવારના સભ્યોએ ભાગ લીધો હતો. પ્રથમ પ્રવક્તા-કાઉન્સલેર, કારકિર્દી સલાહકાર અને ટ્રેનર એવા ભાવિક લાડે આદર્શ પેરેંટિંગ માટે ટીપ્સ આપી હતી. ત્યાર પછી હાઈપર બાળકોને સંભાળવાથી લઈને દિવ્યાંગોની સામાજીક સ્વીકૃતિ સંબંધી વિવિધ પ્રશ્નો પર જવાબ આપ્યા હતા. બીજા વક્તા -કિરિટભાઈ પરીખ, જેઓ પોતે એક દિવ્યાંગ પુત્રીના પિતા છે, ભારત સરકારની નિરામય - દિવ્યાંગો માટેની ડિસેબિલિટી હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમ સહિત, જુદી જુદી યોજનાઓની માહિતી દિવ્યાંગના પરિવારના સભ્યો સામે રજૂ કરી. તેમણે ખાસ કરીને માતાપિતાના મૃત્યુ બાદ દિવ્યાંગોના લાભ માટે બનાવાયેલી નાણાંકીય યોજનાઓ વિશે પણ વાત કરી.

***'એક દિવ્યાંગની માતાના આ શબ્દો'***

***સમિતિની દિવ્યાંગો તરફની સંવેદનશીલતાનો પડઘો 'આંતરિક મનોભાવનાને સમજીને મનને હલાવી નાંખ્યુ. હૃદયસ્પર્શી લાગણી અનુભવો. પોતાનુ પિયર બાજુમાં જ ઊભું છે તેવો અહેસાસ કરાવ્યો. ધન્ય છે તમને અને તમારી સેવાભરી પ્રવૃત્તિને ધન્ય છે.'***


## પબ્લીક ડિમાન્ડને ધ્યાનમાં લઈને સ્મરણાંજલિ-૨ ટૂંક સમયમાં પ્રકાશિત થશે



**પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને સમર્પિત સ્મરણાંજલિ-૨ જ્ઞાતિમૈયા માં**

**આ વિશેષ પૂર્તિ માટે**

**પ.પૂ. અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજને**

**આપ તેમના પ્રત્યેની અનુમોદના, આદરભાવ તેમજ તેમના સાથેના સંસ્મરણો**

**ગુરુવાર 30 ઓગસ્ટ ૨૦૨૦ સુધી લખીને મોકલો**

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

**કલર ફુલ પેજ રૂા.૮૦૦/- • કલર હાફ પેજ રૂા.૫૦૦/-**

Manisha Lalka - 9820545734 • Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# ભાવાંજલિ



## સ્વ. કુમારપાલ તિલોકચંદ દંડ (ઉ.૫૩ વર્ષ)

**(વરાડીયા, મલકાપુર)**

**દેહવિલય - ગુરૂવાર, તા.૧૩ ઓગસ્ટ**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું, સત્કાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને કર્મનિષ્ઠ પુણ્યાત્માને
પ્રભુ શાંતિ પ્રદાન કરે એજ અભ્યર્થના.

**શ્રદ્ધાસુમન**

**પ્રફુલ ઉમરશી મોતા - ચેન્નાઈ (સુથરી)**
**જયશ્રી પ્રફુલ મોતા - ચેન્નાઈ (સુથરી)**
**નેવિલ પ્રફુલ મોતા - ચેન્નાઈ (સુથરી)**
**માતાજી એન્ટરપ્રાઈઝીસ**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

Plan the present, secure the future.
Get a Family Insurance!

insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL



KDO Gyatimaiya Weekly E-magazine KDO